ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમને વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ.૭૧૩.૦૦ લાખની જોગવાઈ પૈકી પ્રથમ હપ્તા પેટે રૂ.૨૦૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટની મંજૂરી બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૩૧૨/૬૯૮૪૮૫/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-૧૭/૦૫/૨૦૧૭.

વંચાણમાં લીધા:-

૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા:૦૬/૦૫/૨૦૧૭નો પત્ર ક્રમાંક:અજાક/મ/૬/૨૦૧૭/૨૩૨૨-૨૩૨૩.

૨) ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૨૧/૦૪/૨૦૧૭નો પત્ર ક્રમાંક:અવિકો/નાણાં/વહી.ગ્રાંટ ફા./૨૦૧૭-૧૮/૧૮૫૪.

આમુખ:-

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની વહીવટી ગ્રાન્ટ માટે વર્ષ:૨૦૧૭-૧૮માં રૂ.૭૧૩.૦૦ લાખની (અંકે સાતસો તેર લાખ પુરા) આયોજન સદરે ચાલુ બાબત તરીકે બજેટ જોગવાઈ થયેલ છે. તે પૈકી નિગમના અધિકારી/કર્મચારીઓના પગાર, ભથ્થા તથા કન્ટીજન્સી ખર્ચને પહોંચી વળવા માટે પ્રથમ હપ્તા પેટે રૂ.૩૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા ક્રમાંક-૨ના તા:૨૧/૦૪/૨૦૧૭ના પત્રથી દરખાસ્ત કરેલ છે અને ઉકત રકમની વહીવટી ગ્રાન્ટ ફાળવવા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ક્રમાંક – ૧ ના તા:૦૬/૦૫/૨૦૧૭ના પત્રથી ભલામણ કરેલ છે.

ઠરાવ:

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમની ઉકત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાના અંતે વર્ષ:૨૦૧૭-૧૮માં પ્રથમ હપ્તા પેટે રૂ.૨૦૦.૦૦ લાખની (રૂપિયા બસો લાખ પુરા) વહીવટી ગ્રાન્ટની નીચે મુજબની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે:-

૧. સને ૨૦૧૭-૧૮ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

૨. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. વર્ષના અંતે જો કોઈ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

૫. નિગમે હવે પછીની ગ્રાન્ટ છુટી કરવાની દરખાસ્ત સાથે સને ૨૦૧૭-૧૮નાં વર્ષમાં જે-તે માસનાં અગાઉના માસ સુધીના ખર્ચનું માસવાર પત્રક દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ:૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં માંગણી નંબર-૯૫, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ/આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્રે અને અન્ય ઉપક્રમોમાં મુડી રોકાણ, પેટા-સદર-૦૧ એસસીડબલ્યુ-૧૩ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ (વહીવટી ગ્રાન્ટ) હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૧૧/૦૫/૨૦૧૭ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઠાકોર

(એચ.બી.ઠાકોર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ-૨૦૧૭.